અપીલ અરજી નં.૪૧૨ તા.૨૧–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ–  શ્રી મામરાજ ગોયલ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મામરાજ ગોયલની તા. ૨૯–૯–૧૧ની અરજીથી મે દુકાન નં. એમ–૩૧ ,આર્શીવાદ કોમ્પલેક્ષ, શકિત કો.ઓ.હા.સોસાયટી, ભટાર રોડ, સુરત–૭ જે મારી છોકરી રીંકુ મામરાજ ગોયલના નામે શ્રી બઘુભાઈ રામજીભાઈ પાસેથી ખરીદી છે જે સોસાયટીના રેકર્ડમાં છે. સુરત મહાનગરપાલિકાએ નામ ટ્રાન્સફર કર્યુ નથી એસ.એમ.સી.વેરા બીલ કમલાબેન નરેન્દ્રભાઈ પટેલના નામ છે જે ખોટું છે મને તે બધા ડોકયુમેન્ટ જોઈએ જેના આધારે એસ.એમ.સી.એ આ દુકાન પટેલ કમલાબેન નરેન્દ્રભાઈના નામે એસ.એમ.સી.ના રેકર્ડમાં નોંધી છે તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૨/૨૦૧૧–૧૨

શ્રી મામરાજ ગોયલની તા. ૨૯–૯–૧૧ની અરજીથી મે દુકાન નં. એમ–૩૧,આર્શીવાદ કોમ્પલેક્ષ, શકિત કો.ઓ.હા.સોસાયટી, ભટાર રોડ, સુરત–૭ જે મારી છોકરી રીંકુ મામરાજ ગોયલના નામે શ્રી બઘુભાઈ રામજીભાઈ પાસેથી ખરીદી છે જે સોસાયટીના રેકર્ડમાં છે. સુરત મહાનગરપાલિકાએ નામ ટ્રાન્સફર કર્યુ નથી એસ.એમ.સી.વેરા બીલ કમલાબેન નરેન્દ્રભાઈ પટેલના નામ છે જે ખોટું છે મને તે બધા ડોકયુમેન્ટ જોઈએ જેના આધારે એસ.એમ.સી.એ આ દુકાન પટેલ કમલાબેન નરેન્દ્રભાઈના નામે એસ.એમ.સી.ના રેકર્ડમાં નોંધી છે તેની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) ના પત્ર નં. સા.વે.ઝોન (અઠવા) / આરટીઆઈ/ આ.નં./ ૮૧૦ તા. ૫–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ માહિતી અંગે મુદ્દાવાર દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા તથા અરજદારે તેમના તા.૫–૧૦–૧૧ના પત્ર અન્વયે દસ્તાવેજ ફી ભરપાઈ કરી નકલો મેળવેલ છે કે કેમ ? તથા તેમની તા. ૧૩–૧૦–૧૧ની અરજીથી નિર્દિષ્ટ નકલો આકારણી દફતરે ઉપલબ્ધ છે કે કેમ ? તે પણ ચકાસી નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧ ૬૨ તા.૨૮–૧૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) તથા અરજદારને લાગત દસ્તાવેજોની તપાસણી કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ કે કેમ ? તે અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/૧૦૧૬ તા.૧૪–૧૨–૧૧ માં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.સા.વે.ઝોન (અઠવા)/આરટીઆઈ/આ.૮૧૦ તા.૫–૧૦–૧૧ થી દસ્તાવેજી ફી ભરી નકલ મેળવવા પાઠવેલ પત્રની નકલ, એકનોલોજમેન્ટની નકલ,અરજદારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તા.૧૮–૧–૧૧ ના રોજ રીમાઈન્ડર કરેલ પત્રની નકલ, અરજદારે માહિતી મળ્યા બાદ તા.૧૩–૧૦–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારીને કરેલ રજુઆત અંગેના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ સ્પષ્ટતા અત્રે કરેલ નથી.

અરજદારની તા.૨૯–૯–૧૧ની અરજીથી બાબત હેઠળની માહિતિ માંગતી અરજી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી(અઠવા ઝોન) ના પત્ર નં.સા.વે.ઝોન (અઠવા)/આરટીઆઈ/આ.૮૧૦ તા.૫–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૧–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીમાં મે દુકાન નં. એમ–૩૧,આર્શીવાદ કોમ્પલેક્ષ, શકિત કો.ઓ.હા.સોસાયટી, ભટાર રોડ, સુરત–૭ જે મારી છોકરી રીંકુ મામરાજ ગોયલના નામે શ્રી બઘુભાઈ રામજીભાઈ પાસે થી ખરીદી છે જે સોસાયટીના રેકર્ડમાં છે. સુરત મહાનગરપાલિકાએનામ ટ્રાન્સફર કર્યુ નથી એસ. એમ. સી. વેરા બીલ કમલાબેન નરેન્દ્રભાઈ પટેલના નામ છે જે ખોટું છે મને તે બધા ડોકયુમેન્ટ જોઈએ જેના આધારે એસ.એમ.સી.એ આ દુકાન પટેલ કમલાબેન નરેન્દ્રભાઈના નામે એસ.એમ.સી.ના રેકર્ડમાં નોંધી છે તેની માહિતી આપવા. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન (અઠવા)/આરટીઆઈ/આ.૮૧૦ તા.૫–૧૦–૧૧થી અઠવાઝોનના આકારણી અને વેરા વસુલાત વિભાગનાં ઉપલબ્ધ રેકર્ડ મુજબનાં માહિતીનાં એ/૪ સાઈઝ પાનાની નકલ (પાના નંગ.૧૫) નાં નકલ દિઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૩૦ /– (અંકોમાં કુલ ત્રીસ રૂપિયા પુરા) અઠવાઝોનની કચેરીનાં ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી આપ માહિતી ની નકલ મેળવી શકો છો. તેવું સમય અવધિમાં જણાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા) /આરટીઆઈ/૧૦૧૬ તા.૧૪–૧૨–૧૧ માં અરજદાર ધ્વારા તા.૧૨–૧૦–૧૧ નાં રોજ રસીદ નં.૪૭૩૭૬૭ થી દસ્તાવેજી ફી રૂા.૩૦/– ભરપાઈ કરેલ હોય અરજદારને રૂબરૂમાં માંગ્યા મુજબની માહિતીની નકલ પુરી પાડવામાં આવેલ તેવું જણાવેલ. આમ અરજદારને માહિતી મળેલ હોવાનું જણાય છે.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૯–૯–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનુ રહેતુ નથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મામરાજ ગોયલ,